# હવે, ખેડબ્રહ્મા પણ ડેન્ગ્યુના સકંજામાં

**ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં ડેન્ગ્યુના આઠ દર્દીઓ સારવાર હેઠળ : ખેડબ્રહ્મા તાલુકાના પાંચ અને વડાલી તાલુકાના ૩ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ નોંધાયા**

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મામાં સ્ટેટહાઈવે ઉપર આવેલી ખાનગી હોસ્પિટલમાં ખેડબ્રહ્મા અને વડાલી તાલુકાના મળી આઠ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી દોડતુ થયું છે. પાણી અને મચ્છરજન્ય રોગોએ માથુ ઉંચકતા લોકોમાં ફફડાટ ફેલાયો.

ખેડબ્રહ્મા અને વડાલી તાલુકામાં પાણીજન્ય અને મચ્છરોના ઉપદ્રવથી રોગચાળો વકર્યો છે અને વાઈરલ બિમારીના ઘેર ઘેર ખાટલા પથરાતા આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસકંપા-ખેડબ્રહ્મા તથા આગીયાના મળી પાંચ કેસ તથા વડાલી તાલુકાના કુબાધરોલ અને ધામડીમાં ત્રણ કેસ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસને ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. વરસાદ બાદ પાણીજન્ય રોગચાળાથી ખાનગી અને સિવિલ હોસ્પિટલ દરદીઓથી ઉભરાવા લાગ્યા છે.

ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં શંકાસ્પદ ડેન્ગ્યુના આઠ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતુ થયું છે. અને રોગચાળો અટકાવવા માટે દવાનો છંટકાવ, ફોગીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આરોગ્ય વિભાગના ટીમો ગામે ગામ સર્વે માટે રવાના કરવામાં આવી હોવાનું ટીએચઓએ જણાવ્યું હતું.

### ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ શંકાસ્પદ ડેન્ગ્યુના દરદી

પટેલ કશ્યપકુમાર ધર્મેન્દ્રભાઈ ઉં.વ. ૧૯, ખેડબ્રહ્મા, રાજવીર જી. રાઠોડ, ઉં.વ. ૧૬, ખેડબ્રહ્મા, પ્રતિક જયંતીભાઈ પટેલ ઉં. વ. ૨૪, દામાવાસકંપા, નિલેશકુમાર પ્રવિણભાઈ પટેલ, ઉં.વ. ૨૮, આગીયા, ધવલકુમાર ફુલજીભાઈ પટેલ ઉં.વ. ૨૨, આગીયા, મનીષકુમાર રામાભાઈ પટેલ, ઉં.વ. ૨૧, ધામડી(વડાલી), રૂખીબેન પી. પટેલ, ઉં.વ. ૫૫, કુબાધરોલ (વડાલી), સુનીતાબેન આશિષભાઈ પટેલ ઉં.વ. ૨૭, કુબાધરોલ (વડાલી)

# મેઢાસણ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીને ડેન્ગ્યુ પોઝીટીવ : ગામમાં ફફડાટ

અરવલ્લી, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુની વિદાયના દિવસો ગણવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લામાં વરસાદી પાણીના ખાબોચીયા ભરાવાથી ને કાદવ-કીચડથી ખદબદતા વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા ઘેર ઘેર તાવના ખાટલા છે અને દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુથી ૨ વ્યક્તિઓના મોત નિપજવાની ઘટના બનતા અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુ નામની બિમારીનું નામ સાંભળતા જ પ્રજાજનો ફફડી ઉઠે છે. મોડાસા તાલુકાના મેઢાસણ ગામની હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ધો. ૧૦ની વિદ્યાર્થીની ડેન્ગ્યુ નામની બિમારીમાં સપડાતા મેઢાસણ ગામમાં અને મેઢાસણ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામની શ્રી જી.કે. ભટ્ટ હાઈસ્કૂલમાં ધો. ૧૦માં અભ્યાસ કરતી હેત્વીબેન હસમુખભાઈ પટેલ (ઉં.વ.૧૫) નાની કિશોરીને અઠવાડિયાથી તાવની અસર જણાતા મેઢાસણ સરદાર પટેલ રેફરલ હોસ્પિટલ (સરકારી)માં તબીબની સારવાર લીધી હતી.



પરંતુ ત્રણ દિવસ પૂર્વે કિશોરીને ભારે તાવ આવતા તાબડતોડ તેને મોડાસાની બાળકોની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલના તબીબ ડો. વિરલ કવીએ કિશોરીને ડેન્ગ્યુના લક્ષણો જણાતા અને સતત તાવ ચઢ ઉતરતા જરૂરી લેબોરેટરીમાં પરીક્ષણ કરાવ્યા હતા. પરીક્ષણમાં આ દર્દીને એન.એસ.-૧ એન્ટીજનનનો રીપોર્ટ પોઝેટીવ જણાતા તબીબ દ્વારા વિદ્યાર્થીનીને ડેન્ગ્યુમાં સપડાઈ હોવાનું તેના માતા-પિતાને જણાવી તાબડતોડ હેત્વીને ડેન્ગ્યુની પ્રતિરોધક દવાઓ દ્વારા, આઈવીફીય દ્વારા સઘન સારવાર હાથ ધરતા વિદ્યાર્થીનીની તબીયતમાં સુધારો જણાતા તબીબે અને તેના માતા-પિતાએ હાશકારો અનુભવ્યો હતો. હેત્વીને બાળકોની હોસ્પિટલમાં હજુ પણ સંપૂર્ણ બિમારીમાં રાહત ન મળે ત્યાં સુધી સતત તબીબ દ્વારા સારવાર હાથ ધરી હોસ્પિટલાઈઝેશન રાખવામાં આવી છે.

### અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ

અરવલ્લી જિલ્લામાં ૨૦ જેટલા શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ મળતા અને ૨ વ્યક્તિઓના ડેન્ગ્યુથી મોત નિપજતા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુનો શિકાર બનેલી હેત્વીના મેઢાસણ ગામે તેના પરિવારના સભ્યો અને આજુબાજુમાં રહેતા પરિવારોમાં સઘન સર્વેની કામગીરી હાથ ધરી લોહીના પરીક્ષણના નમૂના લઈ કામગીરી હાથ ધરી, ઘરની આજુબાજુમાં દવાઓનો છંટકાવ કરી સતત પરિવારજનોની દેખરેખ રાખી રહ્યું છે.

### ડેન્ગ્યુ બિમારી ફેલાવતો એડીસ મચ્છર દિવસ દરમિયાન કરડતો હોવાથી હાઈસ્કૂલમાં પણ સર્વે હાથ ધરવો જોઈએ

સાબરકાંઠા જિલ્લામાં થોડાક દિવસ અગાઉ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ડેન્ગ્યુથી મોત નિપજતા આરોગ્ય વિભાગ દ્વારા સર્વે કરાતા શાળામાંથી એડીસ મચ્છરના બ્રીડીંગ અને પોરો મળી આવતા તેના વાલી દ્વારા તેની બાળાને ડેન્ગ્યુ શાળામાંથી લાગુ પડ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો ત્યારે મેઢાસણ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ડેન્ગ્યુમાં સપડાતા ગ્રામજનો હાઈસ્કૂલમાં પણ આરોગ્ય વિભાગ દ્વારા સર્વે કરવાની માંગ કરી હતી.

# મોડાસામાં વીજબિલ ૧૦ દિવસ વહેલા ફટકારી દેવાતા ગ્રાહકો પરેશાન

**નિયમિત ચુકવણુ કરતા ગ્રાહકોને પણ ખોટી રીતે દંડ ફટકારાયા : યુજીવીસીએલની લાલિયાવાડી સામે આક્રોશ**

સાંકરીયા, તા. ૨૦

મોડાસામાં ઉત્તર ગુજરાત વીજકંપની દ્વારા અચાનક નિયત સમય કરતા ૧૦ દિવસ અગાઉ બિલ ફટકારી દેવાતા ગ્રાહકોમાં આશ્ચર્ય સાથે રોષની લાગણી ફેલાવા પામી છે. વળી, બિલનું નિયમિત ચુકવણુ કરનાર વિજધારકોને પણ ખોટી રીતે દંડ ફટકારવામાં આવતા યુજીવીસીએલ કંપની વિરૂદ્ધ જનમાનસમાં વ્યાપક અસંતોષ ફેલાયેલો જોવા મળી રહ્યો છે અને વીજકંપનીની આ પ્રકારની લાલિયાવાડીથી ગ્રાહકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

વહેલા ઈશ્યુ કરી દેવાયેલા બિલો અંગે મીટર રીડરને પૂછતા હેડઓફિસથી આદેશ મળ્યો હોવાનો ઉડાઉ જવાબ ગ્રાહકોને મળ્યો હતો. આટલુ જલ્દી બિલ ફટકારી દેવાના કારણે ગ્રાહકોના બજેટ ખોરવાઈ જવા પામ્યા છે અને વહેલુ બિલ આવી જવાના કારણે ગ્રાહકો અવઢવમાં મુકાયા છે. ખાસ કરીને કોમર્શિયલ બિલની રકમ મોટી રહેતી હોવાથી આવા વિજ ગ્રાહકો માટે હાલ મુંઝવણભરી પરિસ્થિતિ ઉભી થવા પામેલ છે. એક તરફ વેપાર ધંધામાં મંદીનો માહોલ હોવાને કારણે કોમર્શિયલ વીજ ધારકો વધી પરેશાન જોવા મળી રહ્યા છે. વીજકંપનીની લાલિયાવાડી અંગે કંપનીના અધિકારીઓને પુછતા અધ્ધરતાલ જવાબો જ મળવા પામે છે. આ પરિસ્થિતિમાં વીજકંપની દ્વારા યોગ્ય પગલાં લેવાય તેવી જનમાનસમાં રાવ ઉઠવા પામી છે.

### હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલ વિવિધ રમતોમાં અગ્રેસર

મોડાસા, તા. ૨૦

તાજેતરમાં રમાયેલ વિવિધ રમતોમાં સાબરકાંઠા જિલ્લાની હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પ્રથમ આવી રાજયકક્ષાએ રમવા જવા માટે પસંદગી પામ્યા છે.

જેમાં ફકીર આયશા એમ. ધો. ૯, જુડો, સુરતી મો. અબરાર એસ. ધો. ૧૨ - અંડર-૧૯ વોલીબોલ, અલજીવાલા મો. તોકીર ધો. ૧૨ - અંડર-૧૯ વોલીબોલ, ચોરીવાલા ગુલામજહાંગીર ધો. ૧૨, અંડર-૧૯ વોલીબોલ, પટેલ વિભુ એ.- ૧૨ વિજ્ઞાન - અંડર-૧૯ વોલીબોલ, રાણાવડીયા સૈફુર એ. ધો. ૧૨ કોમર્સ - અંડર-૧૯ વોલીબોલ, મહેસાણીયા ફરીદ એસ. ધો. ૧૦ - અંડર-૧૭ વોલીબોલ, વલજીવાલા કુજેલ એસ. ધો. ૧૦ - અંડર-૧૭ વોલીબોલ માટે પસંદગી પામ્યા છે. જે બદલ સંસ્થાના પ્રમુખ ગુલામમોહયુદ્દીન હરસોલીયા, મંત્રી અલ્તાફહુસેન સાબુગર શાળાના કન્વીનર મુસ્તાકએહમદ જાંખવાલા શાળાના આચાર્ય ઝહુરએહમદ મુતવલ્લી તથા સ્પોર્ટ્સ ટીચર એસ.આર. મોદી તથા સૌ સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુરના ખેડૂતોએ રેલવે કોરિડોરની જમીન સંપાદનના નાણાં લેવાનો કર્યો ઈન્કાર

**નાયબ કલેકટરને રજુઆત કરી, આવેદનપત્ર આપ્યું**

ગાંધીનગર, તા.૨૦

ભારત સરકારના રેલવે



મંત્રાલય વિભાગ દ્વારા છેલ્લા ચાર વર્ષ આગાઉથી રેલવે કોરિડોર યોજના નું કામ ચાલી રહયું છે જો કે રેલવે કોરિડોર ના નવીનીકરણ માં અનેક ખેડૂતોની જમીન સંપાદન થતી હોવાથી ખેડૂતો નામદાર હાઈકોર્ટમાં રેલવે વિભાગ સામે લડત આપી રહ્યા છે. રેલવે કોરિડોર યોજના પાલનપુર શહેર નજીક આવેલ આકેષણ, ચડોતર અને સદરપુર નજીકથી પસાર થતી હોવાથી ૬૦ થી ૭૦ ખેડૂતો ને રેલવે વિભાગ દ્વારા જમીન સંપાદનના નાણાં સ્વીકારવાની ખેડૂતોને નોટિસ આપવામાં આવી હતી. પરંતુ પાલનપુર પંથકના ખેડૂતોએ રેલવે વિભાગ પાસેથી જમીન સંપાદનના નાણાં લેવાનો ઈન્કાર કરી દીધો છે.

આજરોજ જીલ્લા મથક પાલનપુરમાં આવેલ પ્રાંત કચેરી ખાતે વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી પ્રાંત ઓફિસર જે.બી. દેસાઈને આવેદન પાત્ર આપ્યું હતું. જમીન સંપાદનના નાણાં ન સ્વીકારવાની ખેડૂતોની રજૂઆતમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.

ખેડૂતોનું માનવું છે કે રેલવે વિભાગ દ્વારા રેલવે કોરિડોર યોજનામાં ગેરકાયદેસર રીતે જમીન સંપાદન કરવામાં આવી છે જ્યાં સુધી નામદાર હાઈકોર્ટ દ્વારા જમીન સંપાદન અંગે કોઈ નિણર્ય નહિ આવે ત્યાં સુધી રેલવે વિભાગના જમીન સંપાદનના નાણાં નહિ સ્વીકારવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# ધાનેરામાં પર્વોમાં જ એટીએમ બંધ રહેતાં ગ્રાહકોમાં રોષ

ધાનેરા, તા. ૨૦

ધાનેરામાં દેના બેન્ક અને યનિયન બેંકની સર્વીસથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે ઈદના તહેવાર નિમિત્તે દેના બેન્ક અને યુનિયન બેન્કના એટીએમને તાળા લાગેલા જોવા મળ્યા હતા. જો વાત કરવામાં આવે દેના બેન્કના એટીએમની તો ધાનેરા રેલવે સ્ટેશન પાર દેના બેન્કનું એટીએમ આવેલુ છે જે છેલ્લા બાર મહિનાથી ૧૦ દિવસ ચાલુ તો ૧ મહિનો બંધ જેવી પરિસ્થિતિ ચાલી રહી છે. એક દિવસ એટીએમમાં પૈસા ન હોય તો બીજા દિવસે મશીન ખરાબ થઈ ગયુ હોય ત્યારે હવે દેના બેન્કની શાખા દ્વારા બીજુ એટીએમ મશીન લગાવવામાં આવ્યું છે જે મશીન પોલીસ સ્ટેશન પાછળ દેનાબેંકની નીચે ચાલુ કર્યુ છે. પણ તે જઈ જોયું તો તેને પણ તાળા લાગેલા જોવા મળ્યા હતા. ત્યારે કંટાળી આ બેન્કના ગ્રાહકોએ ચીમકી ઉચ્ચારી છે કે બેન્ક દ્વારા અમને પુરતી સુવિધા આપવામાં નહિ આવે તો અમો ખાતા બંધ કરી બીજી બેન્કમાં ખાતા ખોલાવશુ હવે જોવાનું એ રહે છે કે આ બાબતે કોઈ પગલા ભરાય છે કે નહિ.

### મોયદના કિશોરનું સાપ કરડતાં મોત

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ તાલુકાના મોયદ વાસન નજીકના એક ચૌહાણ પરિવારના ખેતરમાં ભાગિયા તરીકે રહીને કામ કરતા હતા. દરમ્યાન ગત રવિવારના રોજ બપોરના સમયે કરણજી રામાજી ચૌહાણ ઉં.વ. ૧૫ ધો. ૧૦માં અભ્યાસ કરતા કિશોરને કોઈ ઝેરી સાપ કરડી જતા તબીયત લથડી જતા હિંમતનગરની કાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે શુક્રવારે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન રવિવારે મોત થયું હતું. કિશોરના મોતના સમાચાર પ્રસરી જતા મોયદ ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. યુવાનનું સાપ કરડવાથી સારવાર દરમ્યાન મોત થતા પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લામાં ઉરી આર્મી કેમ્પના હુમલા સામે આક્રોશ

અરવલ્લી, તા. ૨૦

પાકિસ્તાનમાંથી નાપાક ઈરાદાઓ સાથે ભારતમાં ઘુસેલા ૪ આતંકવાદીઓએ કાશ્મીરના ઉરીમાં આર્મી બ્રિગેડના હેડક્વાર્ટરથી માંડ થોડા મીટરના અંતરે આરામ ફરમાવી રહેલી ડોગરા રેજીમેન્ટ પર અત્યાધુનિક હથિયારોથી શસસ્ત્ર હુમલો કરી ટેન્ટ સળગાવી મુકતા ૧૮ જવાનોની હત્યા કરવાની ઘટના બનતા દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો સહિદ દેશના પ્રજાજનો શોકમાં ડુબી ગયા છે અને પાકિસ્તાની અને ત્રાસવાદ સામે ધિક્કારની લાગણી પેદા થઈ છે. અરવલ્લી જિલ્લામાં ઉરી આર્મી કેમ્પના હુમલા સામે જનઆક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે મોડાસા શહેરી શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વી.એસ. શાહ પ્રાથમિક શાળા (ડીપ શાખા)માં ૧૮ વીર જવાન સહીદોને શ્રદ્ધાંજલિ આપી



**સરસ્વતી બાલમંદિર મંડળ દ્વારા ૧૮ વીર શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી ૧૮ વૃક્ષ વાવ્યા**

રત્નદિપ શાખામાં ૧૮ જવાનોની યાદમાં વૃક્ષારોપણ કરી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

મોડાસા શહેરમાં શ્રી અરવલ્લી બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વી.એસ. પ્રાથમિક શાળામાં મંગળવારે ભારતના ૧૮ જવાનોને ઉરી બેઝ કેમ્પ પર ત્રાસવાદીઓએ આતંકી હુમલામાં વીરગતી વહોરતા દેશની રક્ષા માટે સદાય તત્પર રહેતા ૧૮ શહીદોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૧૮ વીર જવાનોના ફોટાને ગુલાબના ફૂલ દ્વારા તેમજ બાળકો દ્વારા જવાનોની વિરગતી બિરદાવતા ગીત અને પ્રાર્થના દ્વારા પુષ્પાંજલિ અને શ્રદ્ધાંજલિ આપી તેની બીજી શાખા રત્નદિપ બાલમંદિર પ્રાથમિક શાળાના મેદાનમાં વૃક્ષારોપણનો



કાર્યક્રમ દ્વારા ૧૮ શહીદ જવાનોની યાદમાં ૧૮ વૃક્ષો વાવી વીર સપુતોને ભાવાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસીંહ ડાભી, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, શ્રી સરસ્વતી બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી, રેજીમોન થાઈલ, નાનાલાલ પ્રજાપતિ, સંજય ભાવસાર, હિતેન્દ્ર જોષી જાયન્ટસ પ્રમુખ અનિષ કાવડીયા, જય અમીન, ભરત કડીયા અને શાળાના શિક્ષકગણ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.